SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 68. લોકસાહિત્ય અને ઉત્તર ગુજરાતના સર્જકોનો પરિચય: ૧૯૦૧ થી ૧૯૩૦

*અજયસિંહ જગતસિંહ રાજપૂત*

## પ્રાસ્તાવિક

ગામડું બોલે અને શહેર સાંભળે, તેનું નામ લોકસાહિત્ય.
અભણ બોલે અને ભણેલા સાંભળે, તેનું નામ લોકસાહિત્ય.
- ઝવેરચંદ મેઘાણી

ગુજરાત પોતાની ભૌગોલિક સ્થિતિ અને પર્યાવરણીય સંપદાઓની સાથે ભાષામાં પણ અજોડ રહ્યું છે. આમ છતાં કાલાંતરે અનેક પ્રજાઓ ગુજરાતમાં આવીને સ્થાયી થઈ, તેમની સાથેના ગાઢ સંબંધને કારણે ગુજરાતી ભાષા અને લોકસાહિત્યમાં અનેક પરિવર્તનો આવ્યા, જેને પરિણામે અવનવું લોકસાહિત્ય સર્જાતું ગયું. ગુજરાતના મૂળવતની મનાતા આદિવાસી-ભીલ લોકો પણ સમયના વહેણમાં અત્યારે ભારતીય-આર્ય ભાષા બોલે છે.

લોકસાહિત્યએ સામાન્ય લોકો દ્વારા સર્જાયેલું એક સાહિત્ય છે, જે સમયાંતરે લોકો દ્વારા મૌખિક રૂપે રચાયું છે. પેઢી દર પેઢી વારસામાં મળતું આવેલું સાહિત્ય કે જેને લોકસાહિત્ય કહેવાય છે. તે ગુજરાતી લોકસાહિત્યએ આપણી (ગુજરાતના લોકોની) સંસ્કૃતિ, આસ્થા અને સામાજિક જીવનશૈલીનું દૃષ્ટાંત પૂરું પડે છે.

'લોકસાહિત્ય'એ 'લોક અને સાહિત્ય' એમ બે શબ્દોનો બનેલો શબ્દ છે, લોકસાહિત્યની વાત કરતા પૂર્વે લોક એટલે શું ?. તે જાણવું જરૂરી છે, લોક એટલે જ્યાં વિદ્વતા (મોટાઈ) નથી, એટલે કે દરેક માનવી સામાન્ય છે, એટલે જ્યાં સરળતા છે ત્યાં જ લોક છે, અને ત્યાં જ લોકસાહિત્ય છે.

લોકસાહિત્યએ સંસ્કૃતિનો મુખ્ય ભાગ છે, જેમાં સંસ્કૃતિના બધા ભાગો દૃશ્યમાન છે. લોકસાહિત્ય વિશે ઝવેરચંદ મેઘાણી કહે છે કે, 'રાજાઓના મિથ્યા યશોગાનોને, મુસદ્દીઓની પ્રપંચલીલાઓને અને સામસામી શત્રુઓની કાપાકાપીઓને વેગળી રાખી દઈ માનવીઓ પોતાનાં જ સુખ-દુ:ખોની છણાવટ કરતાં ઉખાણાં, કહેવતો, જોડકણાં, ટુચકા, ગીતો, વાર્તાઓ સર્જાવવામાં મસ્ત રહ્યા, એવું એક ઉજ્જવળ સત્ય જગસમસ્તના લોકસાહિત્યમાંથી નિષ્પન્ન થાય છે.'

એ રીતે જોતા લોકપ્રવાહનું પરંપરાગત સાહિત્ય કે જેનો નિશ્ચિત કર્તા નથી અને પરંપરામાં જ જે તરતું રહ્યું છે અને તેમાં જ સિદ્ધ થયું છે તેના માટે લોકસાહિત્ય એવો સ્વીકૃત પર્યાય પ્રયોજી શકાય છે.

લોકસાહિત્યના કર્તા અને તેની ઉત્પત્તિ વિશે કહેવું કે અનુમાન લગાવવું મુશ્કેલ છે, કારણ કે લોકસાહિત્યને સવિશેષ પ્રાચીન મનાય છે. તે અજાણ્યા કે અનામી સર્જકો દ્વારા લોકોની જીવંત ભાષા-બોલીમાં રચાયું છે. તેથી તેના કેન્દ્રમાં સામાન્ય માનવી છે અને તેની દરેક પ્રવૃત્તિ લોકસાહિત્યોનો ભાગ છે. માટે જ તો દુલેરાય કારાણી જણાવે છે કે, 'લોકસાહિત્ય એટલે લોકકવિઓ દ્વારા અનાયાસે રચાઈ ગયેલું સાહિત્ય. વાંસનો અંકુર ધરતીનું પડ ફાડીને બહાર નીકળી આવે છે તેમ લોકસાહિત્યના શબ્દો લોકકવિના અંતર-પ્રદેશમાંથી આપમેળે બળ કરીને ફૂટી નીકળે છે.' એટલે આ લોકસાહિત્ય પ્રકૃતિના સહજ નિયમોને આધીન જન્મે છે, તેથી જ તેને લોકસાહિત્ય કહેવાય છે.

લોકસાહિત્ય એ આપણા જીવન અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. જે લોકકથાઓ, લોકવાર્તાઓ, નાટકો, ભવાઈઓ, કહેવતો, રૂઢિપ્રયોગો, ટુચકા, ઉખાણાઓ, લોકગીતો, વીરગાથાઓ, વગેરેમાં જોવા મળે છે.

લોકસાહિત્યની વ્યાપકતાનો ખ્યાલ આપતા જોરાવરસિંહ જાદવ લખે છે કે, 'લોકસાહિત્ય એટલે લોકજીવનનો સ્મૃતિગ્રંથ. એ સ્મૃતિગ્રંથના સીમાડા નિર્બંધ રીતે વિસ્તર્યા છે. લોકો જે શબ્દોમાં ગાય છે, હશે છે, રોવે છે અને રમે છે એ બધાંને લોકસાહિત્યમાં સમાવી શકાય. આમ લોકસાહિત્યની વ્યાપકતા માનવના જન્મથી માંડીને મૃત્યુ સુધીની છે.'

આપણું લોકસાહિત્ય ગદ્ય-પદ્ય અને મિશ્ર એવા અનેક સ્વરૂપોમાં જોવા મળે છે. સાહિત્ય વડે જ સંસ્કૃતિ જીવંત રહેવા પામી છે. જે લોકસાહિત્ય હતું તે કાળનાપ્રવાહમાં વિલીન થઈ રહ્યું હતું, જેને સર્જકોએ પોતાની કલમ વડે નવો માર્ગ આપ્યો-વાચા આપી અને સાહિત્યમાં કંડારી તેને એકત્રિત કર્યું.

પ્રસ્તુત શોધપત્રમાં ઉત્તર ગુજરાતના સર્જકોનો ટૂંકમાં પરિચય આપવામાં આવ્યો છે.

શોધપત્રની સમય મર્યાદાને (૧૯૦૧ થી ૧૯૩૦) ધ્યાનમાં રાખીને આ સમયમાં જન્મેલાં સર્જકોનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## ઉત્તર ગુજરાતના સર્જકો પરિચય:

ગુજરાતના લોકસાહિત્ય અને સાહિત્યમાં ઉત્તર ગુજરાતના સર્જકોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપીને તેને અમર બનાવ્યું છે. આમાંના કેટલાક સર્જકો સમયની અવધિમાં નીચે મુજબ છે.

**રમણલાલ પિતાંબરદાસ સોની** 'સુદામો' (જ. ૨૫/૦૧/૧૯૦૮, અ. ૨૦/૦૯/૨૦૦૬, વતનઃ કોકાપુર, તા. મોડાસા, જિ. અરવલ્લી)
**મુરલી ઠાકુર** (જ. ૨૩/૦૨/૧૯૧૦, અ. ૨૨/૦૪/૧૯૭૫, વતનઃ સુવેર, તા. ઈડર, જિ. સાબરકાંઠા)
**ભોગીલાલ ચુનીલાલ ગાંધી** 'ઉપવાસી' (જ. ૨૬/૦૧/૧૯૧૧, અ. ૧૦/૦૬/૨૦૦૧, વતનઃ મોડાસા, જિ. સાબરકાંઠા)
**ઉમાશંકર જેઠાલાલ જોષી** 'વાસુકી-શ્રવણ' (જ. ૨૧/૦૭/૧૯૧૧, અ. ૧૯/૧૨/૧૯૮૮, વતનઃ બામણા, તા. ભિલોડા, જિ. સાબરકાંઠા)
**પન્નાલાલ નાનાલાલ પટેલ** (જ. ૦૭/૦૫/૧૯૧૨, અ. ૦૬/૦૪/૧૯૮૯, વતનઃ માંડલી, તા. સીમલવાડા, જિ. ડુંગરપુર, રાજસ્થાન)
**રણજિતરામ મોહનલાલ પટેલ** 'અનામી' (જ. ૨૬/૦૬/૧૯૧૮, અ. ૨૫/૦૫/૨૦૦૯, વતનઃ ડભોડા, જિ. ગાંધીનગર)
**ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા** (જ. ૧૩/૦૪/૧૯૧૭, અ. ૧૮/૦૧/૧૯૯૫, વતનઃ સંડેર, જિ. પાટણ)
**પીતાંબર નરસિંહભાઈ પટેલ** 'પિનાકપાણી' (જ. ૧૦/૦૮/૧૯૧૮, અ. ૨૪/૦૫/૧૯૭૭, વતનઃ સેલાવી જિ. મહેસાણા)
**ડાહ્યાભાઈ દોલતરામ બારોટ** 'સારંગ બારોટ' (જ. ૦૪/૦૪/૧૯૧૯, અ. ૦૫/૦૨/૧૯૮૮, વતનઃ વિજાપુર, જિ. મહેસાણા)
**રતિલાલ સાંકળચંદ નાયક** 'દિગંત' (જ. ૦૧/૦૮/૧૯૨૨, અ. ૨૮/૦૧/૨૦૧૫, વતનઃ કડી, જિ. મહેસાણા)
**અલીખાન ઉસ્માનખાન બલોચ** 'શૂન્ય પાલનપુરી' (જ. ૧૯/૧૨/૧૯૨૨, અ. ૧૭/૦૩/૧૯૮૭, વતનઃ લીલાપુર જિ. અમદાવાદ)
**વિઠ્ઠલ કિરપારામ પંડ્યા** (જ. ૨૧/૦૧/૧૯૨૩, અ. ૦૩/૦૭/૨૦૦૮, વતનઃ કાબોદરા, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા)
**સૈફુદ્દીન ગુલામઅલી ખારાવાલા** 'સૈફ પાલનપુરી' (જ. ૩૦/૦૮/૧૯૨૩, અ. ૦૭/૦૫/૧૯૮૦, વતનઃ પાલનપુર, જિ. બનાસકાંઠા)
**રમણલાલ જેઠાલાલ જોશી** (જ. ૨૨/૦૫/૧૯૨૬, અ. ૧૦/૦૯/૨૦૦૬, વતનઃ નાદરી, તા. કલોલ, જિ. મહેસાણા)
**ઇન્દ્રદેવ આચાર્ય** (જ. ૧૭/૧૧/૧૯૨૬, અ. ૨૦૨૦, વતનઃ ઊંઝા, જિ. મહેસાણા)
**મોહનલાલ બાબાઈદાસ પટેલ** (જ. ૨૫/૦૪/૧૯૨૭, અ. ૧૩/૦૩/૨૦૨૦, વતનઃ પાટણ)
**મોટામિયાં અલીમિયાં સૈયદ** 'ઓજસ પાલનપુરી' (જ. ૨૫/૦૭/૧૯૨૭, અ. ૦૪/૧૦/૧૯૬૯, વતનઃ પાલનપુર, જિ. બનાસકાંઠા)
**ચિમનલાલ શિવશંકર ત્રિવેદી** (જ. ૦૨/૦૬/૧૯૨૯, અ. ૩૦/૦૧/૨૦૧૫, વતનઃ મુજપુર, તા. શંખેશ્વર, જિ. પાટણ)
**નટવરલાલ અમરતલાલ ઉમતિયા** 'નટુ ઉમતિયા' (જ. ૧૦/૦૯/૧૯૨૯, અ. વતનઃ વડનગર, જિ. મહેસાણા)
**બકુલ રાવલ** (જ. ૦૬/૦૩/૧૯૩૦, અવસાન, વતનઃ બડોલી, તા. ઈડર, જિ. સાબરકાંઠા)

ઉપરોક્ત સર્જકોએ ગુજરાતના લોકસાહિત્ય અને સાહિત્યને પોતાની કલમ વડે સમૃદ્ધ બનાવ્યું છે. આ સિવાય અનેક સર્જકો કે જેવો આ સમય અવધિમાં સમાવિષ્ટ હતા, પરંતુ સંશોધન ઉત્તર ગુજરાત પુરતું માર્યાદિત હોવાને લીધે તેમનો આમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. આવા અનેક સર્જકોએ ગુજરાતના લોકસાહિત્યમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. તેમનું યોગદાન અવિસ્મરણીય છે,

## સમાપન:

સાહિત્યકલાની ગણના વિશ્વની શ્રેષ્ઠ કલાઓમાં થાય છે. તેના વિવિધ પ્રકારોમાંના એક લોકસાહિત્ય અને તેના સર્જકો વિશે પ્રસ્તુત શોધપત્રમાં વાત કરી, આમ છતાં લોકસાહિત્યના મૂળિયાં ઘણા ઊંડા છે. તેના માટે ગહન સંશોધન જરૂરી છે.

ગુજરાતનું લોકસાહિત્યએ આપણા (ગુજરાતના લોકોના) જીવન અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. જેની જાળવણી અગત્યની છે, આવા સાહિત્ય વડે જ સંસ્કૃતિ (લોકસંસ્કૃતિ) જીવંત રહેવા પામી છે. આ અગત્યનું કાર્ય આપણા આ સર્જકોએ કર્યું છે, તેથી આપણે હંમેશાને માટે તેમના ઋણી રહીશું.

## સંદર્ભ સૂચી:


જાદવ, જોરાવરસિંહ. (સંપા૰) ૧૯૮૪. *ગુજરાતની લોકકથાઓ.* નવી દિલ્હી: સાહિત્ય અકાદમી.

દવે, હેમન્ત અને સુહાગ દવે. ૨૦૨૪. *શબ્દમૂળની શોધ.* અમદાવાદ: ગુજરાતી સાહિત્ય પરિષદ.

યાજ્ઞિક, હસુ. ૨૦૧૪. *લોકસાહિત્ય સંશોધન પદ્ધતિ.* આણંદ: એન૰ એસ૰ પટેલ આર્ટ્સ કૉલેજ.

ઠાકર, દક્ષેશ. (સંપા૰) ૨૦૧૧. *શબ્દાંચલ: ઉત્તર ગુજરાતના સર્જકોની રચનાઓ.* અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.

મેઘાણી, ઝવેરચંદ. ૧૯૪૬. *લોકસાહિત્યનું સમાલોચન.* અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

https://rekhtagujarati.org/poets/ojas-palanpuri/profile (જોયા તા૰ ૧૨ ડિસેમ્બર ૨૦૨૪).

https://sureshbjani.wordpress.com/2011/08/22/mohanlal-atel/ (જોયા તા૰ ૧૨ ડિસેમ્બર ૨૦૨૪).

https://sureshbjani.wordpress.com/ (જોયા તા૰ ૧૨ ડિસેમ્બર ૨૦૨૪).

https://m.wikidata.org/wiki/Q2776152 (જોયા તા૰ ૧૨ ડિસેમ્બર ૨૦૨૪).

https://m.wikidata.org/wiki/Wikidata:Main_Page (જોયા તા૰ ૧૨ ડિસેમ્બર ૨૦૨૪).

https://gu.m.wikipedia.org/wiki/%E0%AA%B8%E0%AB%88%E0%AA%AB_%E0%AA%AA%E0%AA%BE%E0%AA%B2%E0%AA%A8%E0%AA%AA%E0%AB%81%E0%AA%B0%E0%AB%80 (જોયા તા૰ ૧૨ ડિસેમ્બર ૨૦૨૪).

https://gujaratikavita.wordpress.com/tag/saif-palanpuri/ (જોયા તા૰ ૧૨ ડિસેમ્બર ૨૦૨૪).

https://sureshbjani.wordpress.com/2007/06/19/vitthal_pndya/ (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://rrsheth.com/rr_author/vitthal-pandya/ (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://sureshbjani.wordpress.com/ (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://sureshbjani.wordpress.com/2011/07/26/%E0%AA%B8%E0%AA%BE%E0%AA%B0%E0%AA%82%E0%AA%97-%E0%AA%AC%E0%AA%BE%E0%AA%B0%E0%AB%8B%E0%AA%9Fsarang-barot/ (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://sureshbjani.wordpress.com/2007/08/06/ratilal-nayak/ (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://en.m.wikipedia.org/wiki/Bhogilal_Sandesara (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://gujaratisahityaparishad.com/prakashan/sarjako/savishesh/Savishesh-Ranjitram-Patel.html (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://en.m.wikipedia.org/wiki/Pannalal_Patel (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://gu.m.wikipedia.org/wiki/%E0%AA%AA%E0%AA%BE%E0%AA%B2%E0%AA%A8%E0%AA%AA%E0%AB%81%E0%AA%B0%E0%AB%80_%E0%AA%AC%E0%AB%8B%E0%AA%B2%E0%AB%80 (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://en.m.wikipedia.org/wiki/Ramanlal_Soni (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

http://www.sahityasetu.co.in/issue49/magara.php (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://kathiyawadikhamir.com/lok-sahitya/ (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).

https://wiki.ekatrafoundation.org/wiki/%E0%AA%95%E0%AB%83%E0%AA%A4%E0%AA%BF%E0%AA%95%E0%AB%8B%E0%AA%B6/%E0%AA%B2%E0%AB%8B%E0%AA%95%E0%AA%B8%E0%AA%BE%E0%AA%B9%E0%AA%BF%E0%AA%A4%E0%AB%8D%E0%AA%AF (જોયા તા૰ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪).